# દસ્તાવેજ કરવા બાબત લાભાર્થીઓને મુંઝવતા પ્રશ્નો અને તેનું નિરાકરણ

| પ્રશ્ન | | નિરાકરણ |
|---|---|---|
| દસ્તાવેજ ક્યારે કરાવી શકાય ? | : | લાભાર્થીને ફાળવેલ મકાનના હપ્તા તેમજ મેઈન્ટેનન્સની પુરેપુરી રકમ ભરપાઈ કર્યા બાદ દસ્તાવેજ કરાવી શકાય છે. |
| દસ્તાવેજ કરવાની ફી કેટલી થાય ? | : | ⇒ સ્ત્રીઓ માટે<br>જો મકાનની કિંમત રૂ.૩,૫૦,૦૦૦/-<br>અથવા રૂ.૫,૫૦,૦૦૦/- હોય તો.<br>• નોંધણી ફી રૂ.૬૦૦/-<br>• સ્ટેમ્પ ડ્યુટી રૂ.૩૦૦ /-<br>(કુલ રકમ રૂ.૯૦૦/-)<br>⇒ પુરૂષો માટે<br>જો મકાનની કિંમત રૂ.૩,૫૦,૦૦૦/- હોય તો.<br>• નોંધણી ફી રૂ.૩,૬૦૦/-<br>• સ્ટેમ્પ ડ્યુટી રૂ.૩૦૦ /-<br>(કુલ રકમ રૂ.૩,૯૦૦/-)<br>⇒ પુરૂષો માટે<br>જો મકાનની કિંમત રૂ.૫,૫૦,૦૦૦/- હોય તો.<br>• નોંધણી ફી રૂ.૬,૧૦૦/-<br>• સ્ટેમ્પ ડ્યુટી રૂ.૩૦૦ /-<br>(કુલ રકમ રૂ.૬,૪૦૦/-) |
| દસ્તાવેજની ફી કેવી રીતે ભરવી ? | | ગુજરાત સરકારની https://garvi.gujarat.gov.in/ સાઈટ પર જઈ લાભાર્થીએ પોતાની તમામ માહિતી ભર્યા બાદ પેમેન્ટ ઓપશન પર જઈ ઓનલાઈન ફી ભરવાની રહેશે. |
| દસ્તાવેજની સાથે શું પુરાવા રજુ કરવાના રહેશે ? | : | લાભાર્થીને ફાળવેલ પઝેશન લેટરની નકલ, પાનકાર્ડ, પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટા, મિલ્કતનો નજીકથી તેમજ દુરનો ફોટોગ્રાફ્સ, સત્તામંડળમાં નાણાં ભર્યાની તમામ પહોંચોની નકલ, બે સાક્ષીઓ તેમજ તેમના પાનકાર્ડ આધાર કાર્ડની નકલ |
| દસ્તાવેજની તારીખ કઈ રીતે લેવાની રહેશે ? | : | સત્તામંડળ દ્વારા દસ્તાવેજની ઓનલાઈન તારીખ લેવામાં આવે છે. (લાગુ પડતી સબ રજીસ્ટ્રાર કચેરી) |
| લાભાર્થીએ સબરજીસ્ટ્રાર કચેરી ખાતે હાજર રહેવાનું હોય છ કે કેમ ? | : | લાભાર્થી દ્વારા દસ્તાવેજની પ્રોસેસ કરવામાં આવેલ હોય તો બે સાક્ષીઓ સાથે નિયત થયેલ તારીખ અને સમયે સબરજીસ્ટ્રાર કચેરીએ હાજર રહેવાનું રહેશે. |
| દસ્તાવેજ કેવી રીતે મેળવવાનો રહેશે ? | : | સબ રજીસ્ટ્રાર કચેરીએ દસ્તાવેજ કરવાની કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૨૪ કલાક પછી સબ રજીસ્ટ્રાર કચેરીથી દસ્તાવેજ મેળવી લેવાનો રહે છે. ત્યાર બાદ લાભાર્થીને ટેલીફોનીક જાણ કરી સત્તામંડળ કચેરીથી દસ્તાવેજ મેળવવાનો રહેશે. |